
**श्री नवकार महामंत्र**

नमो अरिहंताणं नमो सिध्धाणं नमो आयरियाणं
नमो उवज्झायाणं नमो लोए सव्वसाहूणं एसो पंचनमुक्कारो
सव्वपावप्पणासणो मंगलाणं च सव्वेसिं पढमं हवई मंगलं॥




## ઋષિમંડલ મહાયંત્ર

વર્તમાન સમયમાં સર્વમંત્રોવાંછિત કાર્ય સિધ્ધ કરનાર શ્રી ગૌતમ સ્વામી રચિત શ્રી ઋષિમંડલ યંત્ર

# श्री પાર્શ્વનાથ પ્રભુનો મંત્ર

(१) ॐ ह्रीं श्रीँ अर्हं नमिऊणपासविसहर वसह जिणफुलिंग ॐ ह्रीँ श्रीँ ऐं अर्हं नमः ॥

**વિધિ** – આ મંત્ર ચિંતામણી સમાન છે. આસો સુદ આઠમ–નોમ–દશમમાં ત્રણ ઉપવાસ અથવા ત્રણ આયંબીલ કરી ૧૨૫૦૦ સાડાબાર હજાર જાપ કરી સિદ્ધ કરવો. ભગવાનની છબી આગળ જાપ કરવા ધૂપ, દીપ કરવો, ઉત્તમ ધૂપ તેમજ શ્રેષ્ઠ ફળ નૈવેદ્ય મૂકવાં. પીળી માળા, પીળું આસન, પીળાં કપડાં પહેરવા ! સ્વપ્નામાં દર્શન થશે. સર્વ સંપદા ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત થશે.

તથા કૃષ્ણ, ચતુર્દશી રવિવાર હોય ત્યારે પૌષધ કરવો ને એક દિવસમાં (૧૨,૫૦૦) સાડાબાર હજાર જાપ પૂરા કરવા. બે બાજુ દીવો રાખવો, કંકુનો સાથીઓ, અક્ષતનો સાથીઓ, શ્રીફળ, સોપારી મૂકવાં, સાડાબાર હજાર અખંડ ચોખાના દાણાં રાખવાં, એક મંત્ર ભણી એક ચોખાનો દાણો ચડાવવો. એમ સર્વ દાણા ગણી, ચડાવવાં.

(२) ॐ महायक्ष ॐ महायक्षिणी पार्श्वनाथ भवितकराय जौं जौं मम इच्छित देहि देहि ॥

વિધિ – આ મહાયક્ષ મંત્ર સવારમાં પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા આગળ ચંપાના ફૂલથી ૧૦૦૮ વાર ગણે તો તે ઘરમાં રહેનારને નવ નિધાન ને લીલાલહેર રહે. કોઈ દિવસ ગરીબાઈ આવે જ નહિ.

(३) ॐ नमो भगवते पार्श्वनाथाय ह्रौं धरणेन्द्र पद्मावती सहिताय अट्टे मट्टे भूत विघट्टे भूतान स्तंभय स्तंभय स्वाहा: ॥

**વિધિ** – ત્રણ આયંબીલ કરી સાડાબાર હજાર જાપ કરવા. મંત્ર સિદ્ધ કરવો. સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

(४) ॐ नमो भगवते श्री पार्श्वनाथाय ह्रीँ धरणेन्द्र पद्मावती सहिताय अट्टे मट्टे क्षुद्र विघट्टे क्षुद्रान दुष्टान् स्तंभय स्वाहा ॥

**વિધિ**– માગશર વદ દશમ પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણક દિવસે એક દિવસમાં સાડાબાર હજાર જાપ કરવા, એકાસણું કરવું, સાડાબાર હજાર જાઈના ફૂલ ચડાવવાં, ચારે દિશાએ ચાર ખીલા ખોડવા પછી ૧૦૮ વાર ગણતા કાર્ય સિધ્ધ થાય છે.

(५) ॐ नमो श्री शंखेश्वर पार्श्वनाथाय ह्रीँ श्रीँ धरणेन्द्र पद्मावती सहिताय अट्टे मट्टे क्षुद्रान स्थंभय स्थंभय दुष्टान् चूरय चूरय मनोवांछित पूरय ऋद्धिं वृद्धिं कुरु कुरु स्वाहा ॥

**વિધિ** – અઠ્ઠમ અથવા ત્રણ આયંબીલ વદ નોમ દશમ અગ્યારશ ત્રણ દિવસમાં ૧૨૫૦૦ જાપ કરવા મંત્ર સિધ્ધ થાય છે અને સર્વ કાર્ય સિધ્ધ થાય છે.

## श्री ઋષિમંડલ સ્તોતમ્

आद्यन्ताक्षरसंलक्ष्य-मक्षरं व्याप्य यत् स्थितम् ।
अग्निज्वालासमं नाद-बिन्दु-रेखा समन्वितम् ॥

**અર્થ** – જે પદ પહેલા (અ) અને છેલ્લાં (હ) અક્ષરે કરીને જણાતું અક્ષરને એટલે મોક્ષપદને વ્યાપીને રહેલું, અગ્નિની જવાળા સમાન વર્ણવાળું, નાદ એટલે અર્ધ ચંદ્ર ( ), બિંદુ એટલે અનુસ્વાર (.) અને રેખા (–) સહિત છે.

अग्निज्वालासमाक्रान्तं, मनोमलविशोधनम् ।
देदीप्यमानं हृत्पद्मे, तत्पदं, नौमि निर्मलं ॥२॥

**અર્થ** – તથા અગ્નિની જ્વાળા સરખી આકૃતિ વડે (–) વ્યાપ્ત (પ્રકાશમાન) અને મનના (પાપ–કર્મને) મળને પવિત્ર કરનાર છે, અને અત્યંત નિર્મળ છે. તે હૃદયરૂપ કમળને વિષે પ્રકાશમાન (દેદીપ્યમાન) એવા (અર્હમ્) પદને હું (મન–વચન–અને–કાયાથી) નમસ્કાર કરું છું. (૨).

अर्हमित्यक्षरं ब्रम्ह - वाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं, सर्वतः प्रणिदध्महे ॥३॥

**અર્થ** – ( આ ઉપર કહ્યા પ્રમાણે બનેલ) (અર્હમ્) એવું પદ અક્ષર–અવિનાશી છે. બ્રહ્મ સ્વરૂપ છે. (પંચ) પરમેષ્ઠિ–પરમાત્માને કહેનારું છે. સિદ્ધચક્રનું સદ્બીજ છે. તેથીજ અમે (સર્વ માંગલિક કાર્યોમાં) સર્વ પ્રકારે ધ્યાન કરીએ છીએ. (૩).

ॐ नमोऽर्हद्भ्य ईशेभ्यः, ॐ सिद्धेभ्यो नमो नमः ।
ॐ नमोः सर्वसुरिभ्यः, उपाध्यायेभ्य ॐ नमः ॥४॥
ॐ नमः सर्वसाधुभ्यः, ॐ ज्ञानेभ्यो नमो नमः।
ॐ नमः तत्वदष्टिभ्यः, श्चारित्रेभ्यसतु ॐ नमः ॥५॥

**અર્થ** – ૐ ઈશ એવા અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સર્વ સાધુઓ, જ્ઞાન તત્ત્વદ્રષ્ટિ–સમ્યગ્દર્શન અને ચારિત્રને (વારંવાર) નમસ્કાર થાઓ (૪–૫)

श्रेयसेऽस्तु श्रियेऽस्वत्वेत् अर्हदाद्यष्टकं शुभम् ।
स्थानेष्वष्टसु विन्यस्तं, पृथगवीजसमन्वितं ॥६॥

**અર્થ** – અલગ અલગ જુદા જુદા બીજ સહિત અને આઠ સ્થાનકો (દિશા) માં સ્થાપન કરેલા આ શુભ એવા અરિહંતાદિક આઠપદો કલ્યાણ તથા લક્ષ્મી આપવાવાળા હો (થાય છે) (૬)

आद्यं पदं शिखां रक्षेत्, परं रक्षेत्तु मस्तकम् ।
तृतीयं रक्षेन्नेत्रे द्वे, तुंर्य रक्षेच्च नासिकाम् ॥७॥
पंचमं तु मुखं रक्षेत् षष्ठं रक्षेच्च घण्टिकाम् ।
नाभ्यन्तं सप्तमं रक्षेत, रक्षेत् पादान्तमष्टमम् ॥८॥

**અર્થ** – પ્રથમ પદ (અર્હત) મારી શિખાનું, બીજુ પદ (સિદ્ધ) મારા મસ્તકનું, ત્રીજુ પદ (આચાર્ય) મારી બંને આંખોનું, ચોથું પદ (ઉપાધ્યાય) મારા નાકનું, પાંચમું પદ (સર્વ સાધુ) મારા (મુખ) મોઢાનું છઠું પદ (જ્ઞાન) કંઠનું, સાતમું પદ (દર્શન) નાભિ (ડુંટી) પર્યંત (સુધી) નું, અને આઠમું (ચારિત્ર) બંને પગ સુધી રક્ષણ કરો. (૭–૮).

पूर्वं प्रणवतः सान्तः, सरेफो द्वयब्धि पंचषान् ।
सप्ताष्ट-दश-सूर्यांकान्श्रितो बिन्दुस्वरान् पृथकू ॥९॥

**અર્થ** – પ્રથમ પ્રણવ (ૐ), પછી સ કારનો અંત્ય અક્ષર રેફ સહિત હ કાર (હ્) નો બીજો સ્વર આ કાર, ચોથો સ્વર ઈ કાર, પાંચમો સ્વર ઉ કાર, છઠ્ઠો સ્વર ઉ કાર, સાતમો સ્વર અ કાર, આઠમો સ્વ ર અ કાર, દશમો સ્વર ઔ કાર, અને બારમો સ્વર અઃ ઉપર બિંદુ સહિત ભિન્ન ભિન્ન લગાડવાથી અનુક્રમે હ્રાઁ હ્રીઁ હ્રુઁ હ્રૂઁ હ્રેઁ હ્રૈઁ હ્રૌઁ હ્રઃ આઠે બીજ સિદ્ધ થાય છે. (લખીને) (૯)

पूज्यनामाक्षरा आद्याः, पंचैते ज्ञान-दर्शने ।
चारित्रेभ्यो नमो मध्ये, ह्रीँ-सान्त-समलंकृतः ॥१०॥

**અર્થ** – ત્યારબાદ આ પાંચ પૂજ્ય પરમેષ્ટિ પદોના પ્રથમના પાંચ અક્ષર લેવા, (એટલે અ, સિ, આ, ઉ, સા, આ પ્રમાણે લખીને) પછી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ પદ મળી કુલ આઠ પદ મધ્યમમાં લેવા, અને સકારનો અંતિમ અક્ષર હ, અલંકાર (સુશોભિત) કરેલો હ્રીઁ અને પછી નમઃ એ પ્રમાણે લખવું. (૧૦)

जम्बूवृक्षधरो द्वीपः, क्षारोदधिसमावृत्तः ।
अर्हदाद्यष्टकैरष्टकाष्ठाधिष्ठैरलंकृतः ॥११॥

**અર્થ** – જંબૂવૃક્ષને ધારણ કરનાર અને લવણ સમુદ્રથી વીંટળાયેલ જંબુદ્વીપ નામે દ્વીપ છે, તે આઠ દિશાઓના સ્વામિ અર્હત્ વિગેરે આઠ પદોએ કરી અલંકૃત–સુશોભિત છે. (૧૧)

तन्मध्ये सङ्गतो मेरुः, कूटलक्षैरलङ्कृतः।
उच्चैरुच्चैस्तरस्तारः, तारामण्डलमण्डितः ॥१२॥

**અર્થ** – તે જંબૂદ્વિપની વચ્ચે મેરૂ પર્વત છે, તે લાખો કૂટો (શિખરો) વડે સુશોભિત છે, સૌથી ઊંચો છે અને ઝળહળતા (પ્રદક્ષિણા દેતાં) તારાઓનાં સમૂહથી બહુજ સુંદર શોભે છે. (૧૨)

तस्योपरि सकारान्तं, बीजमध्यास्य सर्वगम् ।
नमामि बिम्बमार्हन्त्यं ललाटस्थं निरञ्जनम् ॥१३॥

**અર્થ** – આવા મેરૂ પર્વત ઉપર સ કારાન્ત બીજ ર્હૂં ની સ્થાપના કરીને, તેમાં બિરાજમાન અંજન (લેપ) રહિત અરિહંત ભગવાનના બિંબને લલાટમાં સ્થાપન કરી હું નમસ્કાર કરૂં છું. (૧૩)

अक्षयं निर्मलं, शान्तं बहुलं जाड्यतोज्झितम् ।
निरीहं निरहंकार सारं सारतरं घनम् ॥१४॥

**અર્થ** – અરિહંતના જે બિંબનું ધ્યાન કરવાનું છે, તેના સ્વરૂપનું વર્ણન કરે છે.) અરિહંત પરમાત્માનું બિંબ (જન્મ – મરણરૂપ નાશ રહિત) અક્ષય છે, (કર્મરૂપી મલથી રહિત) નિર્મળ છે, શાંત મુદ્રાવાળું, વિસ્તારવાળું, અજ્ઞાનરહિત, કોઈપણ જાતની ઈચ્છારહિત, અહંકાર રહિત છે, શ્રેષ્ઠ છે શ્રેષ્ઠમાં પણ અત્યંત શ્રેષ્ઠ છે (ધન) ગાઢ છે. (૧૪)

अनुद्धतं शुभं स्फीतं, सात्विकं राजसं मतम् ।
तामसं चिरसम्बुद्ध, तैजसं शर्वरीसमम् ॥१५॥

**અર્થ** – ઉદ્ધતપણાથી રહિત, શુભ અને સ્વચ્છ છે, (શાંતિગુણવાળુ) સાત્વિક ત્રિલોકના નાથે કરી રાજસ (ગુણવાળું), આઠ કર્મને નાશ કરવા તામસ (ગુણવાળું), (શૃંગાર વગેરે) રસથી રહિત, જ્ઞાનવાળુ, તેજવાળુ, (પૂર્ણિમાની ચાંદની) રાતસમાન (આનંદકારી) છે. (૧૫)

साकारं च निराकारं, सरसं विरसं परम् ।
परापरं परातीतं, परम्पर-परापरम् ॥१६॥

**અર્થ** – (અરિહંતની અપેક્ષાએ શરીર સહિત) સાકાર છે (સિધ્ધની અપેક્ષાએ શરીર રહિત) નિરાકાર છે, (જ્ઞાનરૂપ રસથી ભરેલા) સરસ છે. (શૃંગાર રસાદિ – વિષયથી રહિત) વિરસ છે, ઉત્કૃષ્ટ છે, અને પરંપરાએ ઉત્કૃષ્ટથી પણ ઉત્કૃષ્ટ છે. (૧૬)

एकवर्णं द्विवर्णं च, त्रिवर्णं तुर्यवर्णकम् ।
पंचवर्णं महावर्णं, सपरं च परापरम् ॥१७॥

**અર્થ** – વળી તે બિંબ એક, વર્ણવાળું (હ્રં), બે વર્ણવાળું (સિધ્ધ), ત્રણ વર્ણવાળું (આચાર્ય) ચાર વર્ણવાળું (ઉપાધ્યાય), પાંચ વર્ણવાળું (સકલસાધુ) મહાવર્ણવાળું સ્વપર એટલે ઉત્કૃષ્ટ છે અને પરાપર એટલે અત્યંત ઉત્કૃષ્ટ છે (૧૭).

सकलं निष्कलं तुष्टं, निर्वृतं भ्रान्तिवर्जितम् ।
निरंजनं निराकारं निर्लेपं वीतसंशयम् ॥१८॥

**અર્થ** – (અરિહંતની અપેક્ષાએ) સકલ છે, (સિદ્ધની અપેક્ષાએ) નિષ્કલ છે, સંતોષ પ્રસન્ન કરવાવાળાં છે, (સંસાર ભ્રમણ રહિત) ભ્રાંતિ રહિત છે (કર્મરૂપી અંજનથી રહિત) નિરંજન છે, ઈચ્છા રહિત છે, (કર્મરૂપી લેપથી રહિત) નિર્લેપ છે અને સંશય રહિત છે (૧૮)

ईश्वरंब्रह्मसं बुद्धं, मतं गुरुम् ।
ज्योतीरूपं महादेवं, लोकालोकप्रकाशकम् ॥ १९ ॥

**અર્થ** – (ભવ્યજીવોને હિત શિક્ષા દેવાવાળા) ઈશ્વરરૂપ, બ્રહ્મ, સ્વરૂપ, બુધ્ધ સ્વરૂપ, (અઢાર દોષથી રહિત) શુધ્ધ, (કૃતકૃત્ય) સિદ્ધ, સર્વ માન્ય, ગુરૂરૂપ, જ્યોતિ સ્વરૂપ, (દેવોના દેવોથી પૂજનીક) મહાદેવ છે અને (પોતાના દિવ્ય જ્ઞાનથી) લોકાલોકને પ્રકાશ કરવાવાળા છે. (૧૯)

अर्हदाख्यस्तु वर्णान्तः, सरेफो बिन्दुमण्डितः ।
तुर्यस्वरसमायुक्तो, बहुधा नादमालितः ॥२०॥

**અર્થ** – અર્હત્‌નો વાચક સુવર્ણાંત – હ કાર છે, તે રેફ અને બિંદુથી શોભિત તથા ચોથા સ્વર કારથી યુક્ત હોવાથી હ્રીં બીજવર્ણ છે અને પ્રાયઃ કરીને નાદ (હ) થી યુક્ત છે. (તે ધ્યાન કરવા યોગ્ય છે.) (૨૦)

अस्मिन बीजे स्थिताः सर्वे ऋषभाद्या जिनोत्तमाः।
वर्णैर्निजै निजैर्युक्ता ध्यातव्यास्तत्र सङ्गताः ॥२१॥

**અર્થ** – આ હ્રીઁ બીજાક્ષરોમાં પોતપોતાના વર્ણે કરીને યુક્ત શ્રી ઋષભદેવ વિગેરે સર્વ જિનેશ્વરો બિરાજમાન છે. તે જિનેશ્વરો ધ્યાન કરવા યોગ્ય છે. (૨૧)

बीज मिति ऋषिमण्डल स्तवन यन्त्रस्य मूलमन्त्रः आराधकस्य-
शुभ नवबीजाक्षरः अष्टादश विद्याक्षरः एवमेकव सप्तविंशत्यक्षररूपः ।

**मूलमंत्र** – ॐ ह्राँ ह्रीँ ह्रीँ हुँ हूँ ह्रेँ ह्रैँ ह्रौँ ह्रः ॐ असिआउसा सम्यग्दर्शन ज्ञान चरित्रेभ्यों ह्रीँ नमः ।

આ પ્રમાણે ઋષિમંડલ સ્તવનના યંત્રનો મૂલ મંત્ર છે, આ સત્તાવીશ અક્ષરના મૂલ મંત્રમાં પ્રથમના નવ બીજાક્ષર છે અને પછીના અઢાર વિદ્યાક્ષર છે. આ સત્તાવીશ અક્ષરનો મૂલમંત્ર આરાધના કરનારાઓને શુભ ફળ આપનારો છે. (મનોકામના પુરી કરનારો છે)

नादश्चन्द्रसमाकारो बिन्दुर्नि लसमप्रभः ।
कलाऽरूणसमा सान्तः, स्वर्णाभः सर्वतोमुखः ॥२२॥
शिरःसंलीन ईकारो, विनीलो वर्णतः स्मृतः ।
वर्णानुसारसंलीनं, तीर्थ कृन्मण्डलं स्तुमः ॥२३॥

**અર્થ** – આ હ્રીઁ નામના બીજાક્ષરની નાદ (કલા) અર્ધ ચંદ્રકાર ( ) છે. તે ચંદ્ર સમાન સફેદ વર્ણવાળી છે. (.) નાદ ઉપરના અનુસ્વરનો રંગ કાળો છે હ કારની મસ્તકરૂપ કલા લાલ રંગની પ્રભાવશાળી છે અને કારનો બાકીનો ભાગ ચારે તરફ સુવર્ણ સમાન પીળા રંગવાળો છે. મસ્તકના ભાગને મળેલો ઈકાર લીલા રંગવાળો છે. આવા કારમાં પોતપોતાના વર્ણને અનુસારે લીન થયેલા તીર્થંકરોનાં મંડળ–સમૂહની અમે સ્તુતિ કરીએ છીએ. (૨૨–૨૩)

चन्द्रप्रभ-पुष्पदन्तौ, 'नाद' स्थितिसमाश्रितौ ।
'बिन्दु' मध्यगतौ नेमि-सुव्रतौ जिनसत्तमौ ॥२४॥

**અર્થ** – ચંદ્રપ્રભ અને પુષ્પદંત (સુવિધિનાથ) એ બે તીર્થંકરોનાદની ( ) સ્થિતિનો આશ્રય કરનારા – શ્વેત વર્ણવાળા છે. નેમિનાથ અને મુનિસુવ્રત એ બે તીર્થંકરો બિંદુના મધ્યમાં રહેલા–નીલ કાંતિવાળા છે) (૨૪).

पद्मप्रभ-वासुपूज्यौ, 'कला' पदमधिष्ठितौ ।
शिर-ई स्थितिसलीनौ, पार्श्व-मल्ली जिनोत्तमौ ॥२५॥

**અર્થ** – પદ્મપ્રભ અને વાસુપૂજ્ય એ તીર્થંકરો કળાના સ્થાનમાં રહેલા – રક્ત–વર્ણવાળા છે. પાર્શ્વનાથ અને મલ્લિનાથ એ બે તીર્થંકરો મસ્તકના ઈ કારની સ્થિતિમાં રહેલ અત્યંત નીલ વર્ણવાળા છે. (૨૫)

ऋषभं चाजितं वन्दे, सम्भवं चाभिनन्दनम् ।
श्रीसुमति सुपार्श्वं च, बन्दे श्रीशीतलं जिनम् ॥२६॥
श्रेयांसं विमलं वन्दे ऽनन्तं श्रीधमंनाथकम् ।
शान्तिं कुन्थुमरार्हन्तं, नमि वीरं नमाम्यहम् ॥२७॥
षोडशैवं जिनानेतान्, गांगेयद्युतिसन्निभान् ।
त्रिकालं नौमि सद्भक्त्या, 'ह-रा' क्षरमधिष्ठितान् ॥२८॥

**अर्थ** – ઋષભદેવને, અજિતનાથને, સંભવનાથને અને અભિનંદનને હું વંદન કરૂં છું. તથા સુમતિનાથને, સુપાર્શ્વને અને શીતલનાથને હું વંદન કરૂં છું. (૨૬) શ્રેયાંસનાથને વિમલનાથને, અનંતનાથને અને ધર્મનાથને હું વંદન કરૂં છું. તથા શાંતિનાથને, કુંથુનાથને, અરનાથને, નમિનાથને અને મહાવીર સ્વામિને હું વંદન કરૂં છું. (૨૭) એ પ્રમાણે સુવર્ણ સરખી કાંતિવાળા-(પીતવર્ણવાળા) તથા હ અને ર એ બે અક્ષરમાં રહેલા (ઉપર કહેલા) સોળ તીર્થંકરોને હું સદ્ભક્તિપૂર્વક ત્રિકાળ વંદન કરૂં છું. (૨૮)

शेषास्तीर्थकृतः सर्वे, 'ह-र' स्थाने नियोजिताः ।
मायाबीजाक्षरं प्राप्ता-श्रतुर्विंशतिरह ताम् ॥२९॥

**अर्थ** – બાકીના સોળ તીર્થંકરો હ અને ર ના સ્થાનમાં રહેલા છે. આ પ્રમાણે ચોવીસ તીર્થંકરો માયા બીજના અક્ષર (હ્રીઁ) માં રહેલા છે. (૨૯)

गतरागद्वेषमोहाः, सर्वपापविवर्जताः।
सर्वदा सर्वकालेषु ते भवन्तु जिनोत्तमाः ॥३०॥

**अर्थ** – આ તીર્થંકર દેવો રાગ દ્વેષ અને મોહથી રહિત છે સર્વ પાપકર્મોથી રહિત છે, તે તીર્થંકરો સર્વ (લોક) કાળમાં સંપૂર્ણ મનોવાંછિત સુખ આપનારા થાઓ (૩૦)

देवदेवस्य यच्चक्रं, तस्य चक्रस्य या विभा ।
तयाच्छादितसर्वाङ्गं मा मां हिंसन्तु पन्नगाः ॥३१॥

**अर्थ** – દેવોના દેવ શ્રી તીર્થંકર દેવનું જે ચક્ર છે તે ચક્રની જે પ્રભા છે તે પ્રભાથી આચ્છાદિત થયેલા મારા તમામ અવયવોને સર્પની જાતિના જીવો પીડા ન કરો. (૩૧)

| | |
|---|---|
| देवदेव पक्षिणः ॥(३२)॥ | પક્ષી જાતિના જીવો પીડા ન કરો. (૩૨) |
| देवदेव शूकराः ॥(३३)॥ | શુકરો-ભૂંડો પીડા ન કરો. (૩૩) |
| देवदेव सिंहकाः ॥(३४)॥ | સિંહો પીડા ન કરો. (૩૪) |
| देवदेव शृङ्गिणः ॥(३५)॥ | શિંગડાવાળા પ્રાણીઓ પીડા ન કરો. (૩૫) |
| देवदेव गोनसाः ॥(३६)॥ | ગોનસ (ફણા રહિત) સાપ પીડા ન કરો. (૩૬) |
| देवदेव दंष्ट्रिणः ॥(३६)॥ | દાઢવાળા પ્રાણીઓ પીડા ન કરો. (૩૭) |
| देवदेव वृश्चिकाः ॥(३८)॥ | વીંછીઓ પીડા ન કરો. (૩૮) |
| देवदेव चित्रकाः ॥(३९)॥ | ચિત્તાઓ પીડા ન કરો. (૩૯) |
| देवदेव हस्तिनः ॥(४०)॥ | હિંસક હાથીઓ પીડા ન કરો. (૪૦) |
| देवदेव रेपलाः ॥(४१)॥ | રેપલ ક્રૂર પ્રાણીઓ પીડા ન કરો. (૪૧) |
| देवदेव दानवाः ॥(४२)॥ | દાનવો (અમુક જાતિના) રાક્ષસો પીડા ન કરો (૪૨) |
| देवदेव खेचराः ॥(४३)॥ | ખેચરો (વિદ્યાધરો) પીડા ન કરો. (૪૩) |
| देवदेव देवताः ॥(४४)॥ | દેવતા (દેવો) પીડા ન કરો. (૪૪) |
| देवदेव राक्षसाः ॥(४५)॥ | રાક્ષસો પીડા ન કરો. (૪૫) |
| देवदेव मुदुगलाः ॥(४६)॥ | મુદ્દગલા (અમુક જાતિ) રાક્ષસો પીડા ન કરો. (૪૬) |
| देवदेव कुग्रहाः ॥(४७)॥ | ખરાબ ગ્રહો પીડા ન કરો. (૪૭) |
| देवदेव व्यन्तराः ॥(४८)॥ | વ્યન્તર દેવતાઓ પીડા ન કરો. (૪૮) |

देवदेव तस्कराः ॥(४९)॥ — ચોર લોકો પીડા ન કરો. (૪૯)

देवदेव ग्रामिणः ॥(५०)॥ — ગામડિયા-ગમાર લોકો પીડા ન કરો. (૫૦)

देवदेव भूमिपाः ॥(५१)॥ — પૃથ્વીપાલ-રાજાઓ પીડા ન કરો. (૫૧)

देवदेव दुर्जनाः ॥(५२)॥ — દુર્જનો દુષ્ટ લોકો પીડા ન કરો. (૫૨)

देवदेव पाप्मनः ॥(५३)॥ — પાપી-હિંસક માણસો પીડા ન કરો. (૫૩)

देवदेव व्याधयः ॥(५४)॥ — વ્યાધિઓ-રોગો પીડા ન કરો. (૫૪)

देवदेव हिंसकाः ॥(५५)॥ — હિંસક-જીવો-માણસો પીડા ન કરો. (૫૫)

देवदेव शत्रवः ॥(५६)॥ — સર્વ શત્રુઓ પીડા ન કરો. (૫૬)

देवदेव वह्नयः ॥(५७)॥ — અગ્નિ-પીડા ન કરો. (૫૭)

देवदेव जृम्भिकाः ॥(५८)॥ — જૃમ્ભિજાતિની દેવીઓ પીડા ન કરો. (૫૮)

देवदेव तोयदाः ॥(५९)॥ — મેઘો જલચરો પીડા ન કરો. (૫૯)

देवदेवस्य यच्चक्रं, तस्य चक्रस्य या विभा ।
तयाच्छादितसवाङ्ग मा मां हिनस्तु डाकिनी ॥(६०)॥

**અર્થ – દેવોના દેવ શ્રી. તીર્થંકર દેવનું જે ચક્ર છે, તે ચક્રની જે પ્રભા છે તે પ્રભાથી આચ્છાદિત થયેલા મારા તમામ અવયવોને ડાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૦)**

देवदेव राकिनी ॥(६१)॥ — રાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૧)

देवदेव लाकिनी ॥(६२)॥ — લાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૨)

देवदेव काकिनी ॥(६३)॥ — કાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૩)

देवदेव शाकिनी ॥(६४)॥ — શાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૪)

देवदेव हाकिनी ॥(६५)॥ — હાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૫)

देवदेव याकिनी ॥(६६)॥ — યાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૬)

देवदेव जाकिनी ॥(६७)॥ — જાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૭)

देवदेव नागिनी ॥(६८)॥ — નાગિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૮)

देवदेव जृम्भिणी ॥(६९)॥ — જૃમ્ભિણી જાતિની દેવીઓ પીડા ન કરો. (૬૯)

देवदेव व्यंतरी ॥(७०)॥ — વ્યંતરી પીડા ન કરો. (૭૦)

देवदेव मानवी ॥(७१)॥ — માનવી જાતિની દેવીઓ પીડા ન કરો. (૭૧)

देवदेव किन्नरी ॥(७२)॥ — કિન્નરી દેવીઓ પીડા ન કરો. (૭૨)

देवदेव दैवंहि ॥(७३)॥ — દૈવ-નશીબ પીડા ન કરો. (૭૩)

देवदेव योगिनी ॥(७४)॥ — યોગિની પીડા ન કરો. (૭૪)

देवदेव भाकिनी ॥(७५)॥ — ભાકિની જાતિની દેવીઓ પીડા ન કરો. (૭૫)

देवदेवस्य यच्चक्रं, तस्य चक्रस्य या विभा ।
तयाच्छादितसर्वाङ्गं, सा मां पातु सदैव हि ॥७६॥

**अर्थ** – દેવોના દેવ શ્રી તીર્થંકર દેવનું જ ચક્ર છે, તે ચક્રની જે પ્રભા છે, તે પ્રભાથી આચ્છાદિત થયેલા મારા તમામ અવયવોનું હંમેશા રક્ષણ કરો. (૭૬)

श्री गौतमस्य या मुद्रा, तस्यया भुवि लब्धय: ।
ताभिरभ्यधिकज्योतिर्रन्, अर्हन् सर्वनिधीश्वर: ॥७७॥

**अर्थ** – શ્રી ગૌતમસ્વામિ ગણધરની જે મુદ્રા–સ્વરૂપ છે તે મુદ્રાની જે લબ્ધિઓ આ પૃથ્વી ઉપર છે તે લબ્ધિઓથી પણ અધિક જ્યોતિ અરિહંત પરમાત્મા છે. તે સર્વ નિધિ વિદ્યાઓના ઈશ્વર છે. (૭૭)

पातालवासिनो देवा, देवा भूपीठवासिन:।
स्वर्गापिवासिनोऽपि ये देवा: सर्व रक्षन्तु मामित: ॥७८॥

**अर्थ** – પાતાલમાં વસનારા (ભુવનપતિ) દેવો, પૃથ્વી પર વસનારા (વ્યંતરાદિ) દેવો, તથા સ્વર્ગમાં વસનારા (કલ્પવાસી–વિમાનવાસ) સર્વે દેવો અહીં મારી રક્ષા કરો. (૭૮)

येऽवधिलब्धयो ये तु, परमावधिलब्धय: ।
ते सर्वे मुनयो दिव्या, मां संरक्षन्तु सर्वदा ॥७९॥

**अर्थ** – જે મૂનિઓ અવધિ જ્ઞાનની લબ્ધિવાળા, પરમાવધિ જ્ઞાનની લબ્ધિવાળા, દિવ્ય લબ્ધિવાળા – ઉત્તમ છે. તે મૂનિઓ મારી હંમેશા રક્ષા કરો. (૭૯)

(भवनेन्द्र-व्यन्तरेन्द्र-ज्योतिष्केन्द्र-कल्पेन्द्रेभ्यो नमो नम: । श्रुतावधि-देशावधि–सर्वावधि-परमावधि-बुद्धि-ऋद्धि प्राप्त-सर्वोषर्ध्धि प्राप्त अनंत् बलर्द्धिप्राप्त तत्वर्धिप्राप्त-रसर्धिप्राप्त-वैकियर्धिप्राप्त-क्षेत्रर्ध्धि-प्राप्त-अक्षीण महानसर्ध्धि प्राप्तेभ्यो नमो नम: ॥ (८०-८१) ॥

**अर्थ** – ભુવનપતિના ઈંદ્ર, વ્યંતરોના ઈંદ્ર, જ્યોતિષના ઈંદ્ર, સ્વર્ગવાસી દેવોના ઈંદ્રને નમસ્કાર હો, શ્રુતાવધિ, દેશાવધિબુદ્ધિ (જ્ઞાન) ઋદ્ધિને પ્રાપ્ત કરેલાં, સર્વોષધિઋદ્ધિ, અનંતબલઋદ્ધિ, તત્વઋદ્ધિ, રસઋદ્ધિ, વૈક્રિય–ઋદ્ધિ, ક્ષેત્રઋદ્ધિ, અક્ષીણ મહાનસ ઋદ્ધિ પ્રાપ્ત કરેલા (સર્વ મુનિઓ) ને નમસ્કાર હો. (૮૦–૮૧)

दुर्जना भूत-वेताला:, पिशाचा मुद्गलस्तथा ।
ते सर्वेऽप्युपशाम्यन्तु, देवदेवप्रभावत: ॥८२॥

**अर्थ** – દુર્જન મનુષ્યો, ભૂત, વૈતાલ, પિશાચ તથા મુદ્ગલ રાક્ષસો વિગેરે સર્વ દેવતાઓ દેવાધિદેવ (અરિહંત પરમાત્મા) ના પ્રભાવથી શાંત થાઓ. (૮૨)

ॐ ह्रीँ श्री: श्च धृतिर्लक्ष्मी गौरी चण्डी सरस्वती ।
जयाऽम्बा विजया नित्या, क्लिन्नाऽजिता मदद्रवा ॥८३॥
कामाङ्गा कामबाणा च, सानन्दा नन्दमालिनी।
माया मायाविनी रौद्री, कला काली कलिप्रिया ॥८४॥
एता: सर्वा महादेव्यो, वर्तन्ते या जगत्त्रये ।
मह्यं सर्वा: प्रयच्छन्तु, कान्ति कीर्ति धृतिं मतिम् ॥८५॥

**अर्थ** – ॐ હ્રીઁ (૧) શ્રી (૨) હ્રી (૩) ધૃતિ (૪) લક્ષ્મી (૫) ગૌરી (૬) ચંડી (૭) સરસ્વતી (૮) જયા (૯) અંબા (૧૦) વિજયા (૧૧) કિલન્ના (૧૨) અજિતા (૧૩) નિત્યા (૧૪) મદદ્રવા (૧૫) કામાંગી (૧૬) કામબાણા (૧૭) સાનંદા (૧૮) નંદમાલિની (૧૯) માયા (૨૦) માયાવિની (૨૧) રૌદ્રી (૨૨) કલા (૨૩) કાલી અને (૨૪) કલિપ્રિયા. આ સર્વે મોટી દેવીઓ કે જેઓ ત્રણ જગતમાં વિદ્યમાન છે. તે સર્વ દેવીઓ મને કાંતિ, લક્ષ્મી, ધૈર્ય અને બુદ્ધિ આપો. (૮૩–૮૪–૮૫)

दिव्यो गोप्यः सुदुष्प्राप्यः, श्री ऋषिमण्डलस्तवः ।
भाषितस्तीर्थ नाथेनं, जगत्त्राणकृतेऽनघः ॥८६॥

**અર્થ** – આ શ્રી ઋષિ મંડલ સ્તવ અત્યંત પ્રભાવવાળું છે,તેની પ્રાપ્તિ થવી બહુજ દુર્લભ છે, (ત્રણ જગતની રક્ષા કરવા માટે અનઘ–પાપ રહિત એવું) આ સ્તોત્ર–સ્તવ શ્રી તીર્થનાથ મહાવીર પ્રભુએ કહ્યું છે, અને તેથીજ તે ગુપ્તતા રાખવા યોગ્ય છે. (૮૬)

रणे राजकुले वह्नौ, जले दुर्गे गजे हरौ ।
श्मशाने विपिन घोरे, स्मृतो रक्षति मानवम् ॥८७॥

**અર્થ** – લડાઈમાં, રાજદરબારમાં, અગ્નિમાં, પાણીમાં, કિલ્લામાં, હાથી અને સિંહના ઉપદ્રવમાં, સ્મશાનમાં, ઘોર જંગલમાં સંકટ પ્રાપ્ત થાય ત્યારે આ સ્તવ–મંત્રનું સ્મરણ કરવાથી મનુષ્યનું રક્ષણ થાય છે. (૮૭)

राज्यभ्रष्टा निजं राज्यं, पदभ्रष्टा निजं पदम् ।
लक्ष्मी भ्रष्टा निजां लक्ष्मीं, प्राप्नुवन्ति न संशयः ॥८८॥

**અર્થ** – રાજ્યથી ભ્રષ્ટ થયેલ રાજા પોતાના રાજ્યને, અધિકાર (સત્તાના) ના સ્થાનથી ભ્રષ્ટ થયેલા પોતાના અધિકારને, ધનથી રહિત થયેલા પોતાના ધનને પાછું મેળવે છે. એમાં કોઈપણ.જાતની શંકા કરવી નહિ. (૮૮)

भार्यार्थी लभते भार्यां, सुतार्थी लभते सुतम् ।
वित्तार्थी लभते वित्तं, नरः स्मरणमात्रतः ॥८९॥

**અર્થ** – આ ઋષિમંડલ સ્તોત્રના સ્મરણ કરવા માત્રથી સ્ત્રીની ઈચ્છાવાળાને સ્ત્રી, પુત્રની ઈચ્છાવાળાને પુત્ર અને ધનની ઈચ્છાવાળાને ધનની પ્રાપ્તિ થાય છે. (૮૯)

स्वर्णे रौप्ये पटे कांस्ये, लिखित्वा यस्तु पूजयेत् ।
तस्यैवाष्टमहासिद्धिर्गृहे वसती शाश्वती ॥९०॥

**અર્થ** – આ ઋષિમંડલ સ્તોત્ર ના યંત્રને સોનાના, ચાંદીના અથવા કાંસાના પટમાં (પતરામાં) લખીને જે મનુષ્ય પોતાના ઘરમાં પૂજા કરે છે, તેના ઘરમાં સદા આઠ મહાસિદ્ધિઓ રહે છે. (૯૦)

भूर्जपत्रे लिखित्वेदं, गलके मूर्ध्नि वा भुजे ।
धारितं सर्वदा दिव्यं, सर्वभीतिविनाशकम् ॥९१॥

**અર્થ** – આ દિવ્ય શ્રેષ્ઠ ઋષિમંડલ યંત્રને ભોજપત્રમાં (અષ્ટગંધથી) લખીને, (માદળીયામાં નાખી) ડોકમાં, માથામાં કે હાથમાં ધારણ કરવાથી – પહેરવાથી હંમેશા સર્વ પ્રકારના ભય નાશ પામે છે. (૯૧)

भूतैः प्रेतैर्ग्रहैर्यक्षेः,पिशाचैर्मुद्‌गलैस्तथाः।
वात्तपित्तकफोद्रेकैर्मुच्यते नात्र संशयः ॥९२॥

**અર્થ** – (ઉપર કહેલ યંત્ર ધારણ કરનાર મનુષ્ય), ભૂત, પ્રેત, દુષ્ટગ્રહ, યક્ષ, પિશાચ, મુદ્‌ગલ રાક્ષસ, દુષ્ટ દુર્જન, વાત, પિત્ત અને કફના રોગથી મુક્ત થાય છે એમાં જરાપણ શંકા રાખવી નહિ. (૯૨)

ॐ भूर्भवः स्वरत्रयीपीठ वर्तिनः शाश्वता जिनाः ।
तैः स्तुतैर्वन्दितैर्दृष्टैर्यत् फलं तत् फलं श्रुतौ ॥९३॥

**અર્થ** – સ્વર્ગ, પાતાલ અને મનુષ્ય લોકો એ ત્રણ લોકોમાં રહેલા જે શાશ્વતા જિનેશ્વરો છે તે સર્વની સ્તુતિ કરવાથી, વંદના કરવાથી અને દર્શન કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે તે ફળ આ સ્તોત્રના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. (૯૩)

एतद् गोप्यं महास्तोत्रं, न देयं यस्य कस्यचित्।
मिथ्यात्ववासिने दत्ते, बालहत्या पदे पदे ॥९४॥

**અર્થ** – આ મહાસ્તોત્ર અત્યંત ગુપ્ત રાખવા લાયક છે. તે જેને તેને આપવું ન જોઈએ. મિથ્યાદષ્ટિ પ્રાણીઓને જો આપવામાં આવે તો આપનારને પગલે પગલે બાળ હત્યાનું પાપ લાગે છે. (૯૪)

आचाम्लादितपः कृत्वा पूजयित्वा जिनावलीम् ।
अष्टसाहस्त्रिको जापः, कार्यस्तत्सिद्धिहेतवे ॥९५॥

**અર્થ** – આયંબિલ આદિ તપ કરીને, (ચોવીશે) જિનેશ્વરોની પૂજા કરીને મનવાંછિત કાર્યની સિદ્ધિ માટે આ મંત્રનો આઠ હજાર (૮૦૦૦) વાર જાપ કરવો. (૯૫)

शतमष्टोत्तरं प्रातः, यें स्मरन्ति दिने दिने ।
तेषां न व्याधयो देहे, प्रभवन्ति न चापदः ॥९६॥

**અર્થ** – જે (ભવ્ય પુરૂષ) શુદ્ધ મનથી સવારમાં ઉઠી મન, વચન અને કાયાની એકાગ્રતાપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરી મૂલમંત્રનો ૧૦૮ વાર જાપ કરે છે તેના શરીરમાં કોઈપણ રોગો થતા નથી અને તેને સર્વ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય છે. (અથવા આપત્તિઓ પ્રાપ્ત થતી નથી.) (૯૬)

अष्टमासावधिं यावत्, प्रातः प्रातस्तु यः पठेत् ।
स्तोत्रमेतन्महातेजो, जिनबिम्बं स पश्यति ॥९७॥

दृष्टे सत्यार्हते बिम्बे, भवे सप्तमके ध्रुवम् ।
पदंप्राप्नोती शुद्धात्मा, परमानन्दनंदितः ॥९८॥

**અર્થ** – મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક, એકાગ્રતાથી નિરંતર સવારના આઠ મહિના સુધી આ ઋષિમંડલ સ્તોત્રનો પાઠ કરનાર મનુષ્ય અરિહંત ભગવાનનું મહા તેજસ્વી એવું બિંબ જુએ છે અને તે પ્રમાણે અરિહંત ભગવાનનું મહા તેજસ્વી બિંબ દેખનાર ભવ્ય પુરૂષ નિશ્ચયે સાતમે ભવે આનંદના સ્થાનરૂપ મોક્ષપદને પ્રાપ્ત કરે છે. (૯૭-૯૮)

विश्ववन्द्यो भवेद ध्याता, कल्याणानि च सोऽश्नुते ।
गत्वा स्थानं परं सोऽपि, भूयस्तु न निवर्तते ॥९९॥

**અર્થ** – આ પ્રમાણે ઋષિમંડલનું ધ્યાન કરનાર મનુષ્ય જગતને વંદન કરવા યોગ્ય બને છે. કલ્યાણની પરંપરાને મેળવે છે, (અને) મોક્ષપદને પામીને ફરીથી તે સંસારમાં પાછો આવતો નથી, જન્મ લેતો નથી. (૯૯)

इदं स्तोत्रं महास्तोत्रं, स्तुतीनामुत्तमं परम् ।
पठनात् स्मरणाज्जापात्, लभते पद्मव्ययम् ॥१००॥

**અર્થ** – આ સ્તોત્ર સર્વ સ્તોત્રમાં મહાન સ્તોત્ર છે, સર્વસ્તવન – સ્તુતિઓમાં ઉત્તમોત્તમ છે, અને આ સ્તોત્રના પઠનથી, સ્મરણથી અને જાપ કરવાથી પ્રાણી (અવ્યયપદને) – મોક્ષપદને પામે છે. (૧૦૦)

ऋषिमण्डलनामैतत् पुण्यपापप्रणाशकम् ।
दिव्यतेजो महास्तोत्रं, स्मरणात् पठनाच्छुभम् ॥१०१॥

**અર્થ** – અતિ તેજસ્વી એવા આ ઋષિમંડલ નામના મહાસ્તોત્રને સ્મરણ કરવા માત્રથી પુણ્ય પાપનો નાશ કરે છે, અને ભણવાથી શુભ-કલ્યાણ થાય છે. (૧૦૧)

विघ्नौघाः प्रलयं यान्ति, आपदो नैव कर्हिचित् ।
ऋद्धयः समृद्धयः सर्वाः स्तोत्रस्यास्य प्रभावतः ॥१०२॥

**અર્થ** – આ સ્તોત્રના પ્રભાવથી વિઘ્ન-દુઃખના સમૂહ નાશ પામે છે, તેમને કદી પણ આપત્તિ – દુઃખ પ્રાપ્ત થતું નથી, તથા સર્વ ઋદ્ધિ અને સમૃદ્ધિઓ પ્રાપ્ત થાય છે. (૧૦૨)

श्रीवर्ध्धमानशिष्येण, गणभृद् गौतमर्षिणा ।
ऋषिमण्डलनामैतत् भाषितं स्तोत्रमुत्तमम् ॥१०३।

**અર્થ** – મહાવીર સ્વામિના (મુખ્ય) ગણધર ગૌતમઋષિએ આ ઋષિમંડલ નામનું સર્વ સ્તોત્રમાં શ્રેષ્ઠતમ સ્તોત્ર કહ્યું છે. (૧૦૩)

॥ इति श्री गौतमस्वामीकृतं ऋषिमंडलस्तोत्रं समाप्तम् ॥